# શહેરમાં ડેન્ગ્યુ-મેલેરીયા બેકાબુ

ગાંધીનગર,તા.૧૩ ગાંધીનગર શહેરમાં ૠતુજન્ય રોગચાળો સતત વકરી રહ્યો છે. પાટનગરમાં મેલેરીયા-ડેન્ગ્યું અને ચિકનગુનીયા અજગરી ભરડો લઈ રહ્યું છે. શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરીયા બેકાબુ બની રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં એક ઘરે મેલેરીયા તો બીજા ઘરે ડેન્ગ્યુની બિમારીનો ખાટલો જોવા મળશે. સિવિલના ચોપડે છેલ્લા સપ્તાહમાં ડેન્ગ્યુના ૬૨ કેસ નોંધાયા છે. જયારે ચિકનગુનિયાના કેસ પણ સામે આવ્યા છે. ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા ૠતુજન્ય રોગચાળાને કાબુમાં કરવા માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરીયાએ હાહાકાર મચાવ્યો છે. ખાનગી હોસ્પિટલ સહિત સિવિલમાં પણ મેલેરીયા-ડેન્ગ્યુના નોંધનીય કેસ જોવા મળી રહ્યા છે. આ સિઝનમાં પાટનગરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળે છે. લેબોરેટરીમાં પણ ટેસ્ટ કરાવવા માટે લાઈન લાગી હોય છે. ત્યારે સાંજ ઢળતા જ દવાખાના દર્દીઓથી ઉભરાય છે. પાટનગરમાં મેલેરીયા અને ડેન્ગ્યુના કેસ વધવા છતા તંત્ર દ્વારા કામગીરી ચાલી રહી હોવાનો સુર આલાપવામાં આવી રહ્યો છે. તંત્ર દ્વારા શહેરી વિસ્તારમાં અને ન્યું ગાંધીનગરમાં આઉટડોર અને ઈન્ડોર ફોંગીગ કરવામાં આવી રહ્યું છે. તે ઉપરાંત એન્ટી લારવેલની કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરાઈ રહી છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં પણ ટીમો ને કામે લગાડી દઈને રોગચાળાને કાબુમાં કરવા માટે તંત્ર દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવે છે. જયારે ડેન્ગ્યુ કે મેલેરીયા થયો હોય તે દર્દી અઠવાડીયા સુધી સ્વસ્થ થઈ શકતો નથી. જયારે વાઈરલ ફીવરના દર્દીઓ પણ તાવ અને ઉધરસથી પીછો છોડાવવા અવનવા નુસખા અપનાવી રહ્યો છે. ત્યારે શહેરમાં હજુ પણ તકેદારીના પગલા નહી લેવામાં આવે તો મેલેરીયા કે ડેન્ગ્યુ હાહાકાર મચાવે તો નવાઈ નહી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- કલોલ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા કોરોના વેક્સિનેશન માટે અંકિત વિદ્યાલય ખાતે રાત્રિ કેમ્પનું વિશેષ આયોજન કરાયુ હતુ અને તેમાં ૨૫૦ થી વધુ લોકોનું વેક્સિનેશન કરવામાં આવ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં બે દિવસ સુધી કોવિક્સન વેક્સિનના અભિયાન બાદ આજથી કોવીશિલ્ડ વેક્સિન પણ આપવામાં આવશે.
- ગાંધીનગર કમિશનર દ્વારા દર સપ્તાહે યોજાતી શાખાધિકારીઓની સમીક્ષા બેઠક આજે યોજી ન હતી.
- રાજ્ય મહિલા આયોગ અને જિલ્લા મહિલા બાળ વિકાસ શાખાના સંયુક્ત ઉપક્રમે કોરોનાના કપરાકાળમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ૪૦ થી વધુ મહિલાઓને "નારી શક્તિ" એવોર્ડથી આજે કલોલમાં સન્માનિત કરવામાં આવશે.
- સચિવાલયના સ્વર્ણિ સંકુલમાં આજે પદભાર સંભાળ્યા બાદ મુખ્યમંત્રી તરીકેની કામગીરી શરૂ કરતાં પૂર્વે સિમંધર સ્વામી દાદા ભગવાનનું સ્તુતિ મંત્ર વંદના ગાન-પઠન દાદા ભગવાન પરિવારના અનુયાયીઓએ કર્યુ હતુ.
- ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ આદરજ મોટી અને માણસા ન.પા.ની પેટા ચૂંટણીને લઈ રાજ્ય ચૂંટણીપંચે કર્મચારીઓની રજાઓ મંજૂર કરવા પર પ્રતિબંધ લાદી દીધો છે.
- મુખ્યમંત્રીના જનસંપર્ક અધિકારી ઉદય વૈષ્ણવના સાસુ ઉર્મિલાબેન ઝવેરભાઈનું આજે વહેલી સવારે દુ:ખદ અવસાન થયુ છે.
- શહેર ભાજપ દ્વારા વોર્ડ નં. ૨ ના બક્ષીપંચના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ, તમે કેટલાના દીલમાં છો એ કહ્યું... હવે એ કહો, કેટલાની દાઢમાં છો...!!!



## લાકરોડા ડેમમાં પાણીની આવક શરૂ

ગાંધીનગર નજીક આવેલા લાકરોડા ડેમમાં નવા નીરની આવક શરૂ થઈ છે. છેલ્લા કેટલાક દિવસથી ઉપરવાસમાં મેઘરાજા મન મુકીને વરસતા નદીઓ-નાળા વહેતા થઈ ગયા છે. સાબરકાંઠા-અરવલ્લી-બનાસકાંઠા-મહેસાણા સહિતના વિસ્તારમાં સારી માત્રામાં વરસાદ વરસ્યો છે. ત્યારે ચોતરફ વરસાદ વરસતા લાકરોડા ડેમમાં પાણીની આવક શરૂ થતા સાબરમતી નદીમાં પણ નવા નીર આવશે.

### મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોતાના સ્ટાફના તમામ

# વિદાય લેતા મુખ્યમંત્રીએ અંગત સ્ટાફ સાથે સંવેદનશીલ વાતો કરી..

### મુખ્યમંત્રી નિવાસસ્થાને લાગણીસભર દ્રશ્યો સર્જાયા

મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ ગાંધીનગર ખાતે પોતાના મુખ્યમંત્રી કાર્યાલયના



સ્ટાફના તમામ અધિકારી, કર્મચારીઓ અને સેવક મિત્રોને મળીને પાંચ વર્ષ સુધી રાત દિવસ જોયા વિના ખડપગે રહીને ગુજરાતીઓની સેવા કરવામાં યથાયોગ મદદરૂપ થવા બદલ સૌનો આભાર માની તમામને શુભેચ્છાઓ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ પાંચ વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામ કરી સહકાર આપી સરકાર અને મુખ્યમંત્રી કાર્યાલયની ગરીમા વધારવા બદલ સૌ કર્મયોગીઓનો દિલથી આભાર માન્યો હતો.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને



યોજાયેલા કાર્યક્રમમાં સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી રૂપાણીની કામ કરવાની અલગ શૈલી, સહજતા, પરિવારની ભાવના, કોમનમેનની ઓળખ, સૌને સાથે લઈને ચાલવાની કાર્યપદ્ધતિના પરિણામે આજે કર્મયોગીઓ ભાવુક થતા લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતા.

મુખ્યમંત્રીશ્રીના કાર્યકાળમાં ખૂબ જ સહજ રીતે કામ કરવાના અનુભવો પણ કર્મયોગીઓ વાગોળી મુખ્યમંત્રીશ્રીનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

આ વેળાએ સ્ટાફના સૌ અધિકારીઓ- કર્મચારીઓ મુખ્યમંત્રીશ્રીને દિલથી શુભેચ્છાઓ આપી સ્વસ્થ આરોગ્યની કામના કરી ગુજરાતની પ્રજાને સેવા કરવાની પ્રભુ ખૂબ શક્તિ આપે તેવી પ્રાર્થના કરી હતી.

## ભાટ કેબલ ચોરીનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડ્યો

ભાટ સુમેલ બંગ્લોઝ ખાતે દસ મીટર લંબાઈનો કેબલ વાયર ચોરી થઈ ગયો હતો. આ બનાવની ફરિયાદ અડાલજ પોલીસમથકે નોંધાઈ હતી. ત્યારે અડાલજ પોલીસે ગણતરીના કલાકોમાં કેબલ ચોરીનો ભેદ ઉકેલી આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસમથકની ટીમના સભ્યો પેટ્રોલીંગમાં ભાટ વિસ્તારમાં હતા તે સમયે પીએસઆઈ એમ.જે. શિંદેને ખાનગી રાહે બાતમી મળી હતી, જેને પગલે ઈન્દિરાબ્રિજ હાંસોલ ભીલવાસ ખાતે રહેતા બ્રિજેશ રણછોડભાઈ ખેતાજી પરમારને કેબલ વાયર સાથે પકડી પાડ્યો હતો. આ શખ્સોને પોલીસે વાયર અંગે પુછતા તેણે કેબલ વાયર સુમેલ બંગ્લોઝ ખાતેથી તેના મિત્ર પકાજી કેવજી ભીલ (હાંસોલ ઈન્દિરાબ્રિજ) સાથે મળીને કેબલની ચોરી કર્યાની હકીકત જણાવી હતી. પોલીસે બ્રિજેશ પરમાર સામે કાર્યવાહી હાથ ધરી પકાજી ભીલને પકડવા તજવીજ હાથ ધરી છે.

# ગાંધીનગર અર્બન કો ઓપરેટીવ બેંક શેર હોલ્ડરને ૧૦ ટકા ડિવીડન્ટ આપશે

### બેંકની સાધારણ સભામાં ચેરમેન કાલીદાસ પટેલે સાથી ડિરેકટર્સ અને સભાસદોનો આભાર માન્યો

ગાંધીનગર તા ૧૩ ધી ગાંધીનગર અર્બન કો ઓપરેટીવ બેન્ક લી ની વર્ષ ૨૦૨૦-૨૧ની ૨૨ મી વાર્ષિક સાધારણ સભા ગત રવિવારે સવારે ૧૦ કલાકે સે-૧૨ સ્થિત કડવા પાટીદાર સમાજના ભવનમાં યોજવામાં આવી હતી.




ગાંધીનગર અર્બન કો ઓપરેટીવ બેંકના ચેરમેન કાલીદાસ વી પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠક દરમિયાન વર્ષ દરમિયાન અવસાન પામેલા સભાસદોને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત બેન્કનો વાર્ષિક અહેવાલ, સરવૈયુ અને નફા નુકશાન ખાતાને પણ સભાસદો અને હોદેદારોની ઉપસ્થિતિમાં મંજુર કરવામાં આવ્યુ હતુ. આ તબક્કે બેન્કના ચેરમેન કાલીદાસ પટેલે જણાંવ્યુ હતુ કે માર્ચ ૨૦૨૧ ના અંતમાં બેન્કનુ શેર ભંડોળ ૩.૬૧ કરોડ અન્ય ફંડ રૂ ૮.૦૬ કરોડ બેન્કની ડિપોઝીટ રૂ ૮૮.૬૯ કરોડ, ધીરાણ રૂ ૫૨.૮૮ કરોડ થયુ છે. જયારે બેન્કના આખરે નફો રૂ ૧.૧૯ કરોડ થયો છે. સભાસદોને શેરભંડોળ પર ૧૦ ટકા ડિવીડન્ડ આપવાનુ મંજુર કરવામાં આવ્યુ હતુ. સાધારણ સભાના અંતે બેંકના ચેરમેન કાલીદાસ પટેલે વાઈસ ચેરમેન પ્રકાશ પટેલ મેનેજીંગ ડિરેકટર પ્રહલાદભાઈ પટેલ સહીત સાથી ડિરેકટર્સ, સભાસદો, ગ્રાહકો અને શુભેચ્છકો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

## સાદરા સંકુલમાં હિન્દી વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૩ ગૂજરાત વિદ્યાપીઠ, હિન્દી વિભાગ-સાદરા અને બેંક ઓફ ઈન્ડિયા સાદરાના સંયુક્ત ઉપક્રમે આયોજિત- વકતૃત્વ સ્પર્ધાનું આયોજન ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૧, હિન્દી દિવસ અંતર્ગત સરદાર ઉપાસના મંદિરમાં કર્યું હતું. જેમાં ૧૧ વિદ્યાર્થીમિત્રોએ ભાગ લીધો. કાર્યક્રમ માર્ગદર્શન સાદરા સંકુલના સંયોજક રમેશભાઈ મ. પટેલે સુચારુંરૂપે આપ્યું, કાર્યક્રમ અધ્યક્ષ તરીકે ડૉ. રાજેન્દ્ર જોશી, સંચાલન અને આભારદર્શન ડૉ. ગાયત્રીદત્ત મહેતા, નિર્ણાયકો- ડૉ. અમરેન્દ્ર પાંડે અને ડૉ. ગેલજીભાઈ ભાટિયા રહ્યા તથા સમયપાલક તરીકે ડૉ. મોતી દેવુંએ ભૂમિકા નિભાવી હતી. પ્રાર્થના વૃંદે સુંદર પ્રાર્થના કરી હતી. હિન્દી ભાષાનું મહત્વ તથા મોબાઈલ કે લાભ ઔર હાનિ જેવા વિષયો પર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ વિજેતા એકતા રાઠોડ, દ્વિતીય સ્થાને- કિશન ઠાકોર તથા તૃતીય સ્થાને હેમાક્ષી ચૌધરી રહ્યા. વકતૃત્વ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીમિત્રોમાં રહેલી વકતૃત્વ ક્ષમતાને બહાર લાવવાનો અને આત્મવિશ્વાસ જગાવવાનો પ્રયાસ કર્યો હતો.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# દહેગામમાં ભર બપોરે યુવક પર ધારીયા વડે હૂમલો

દહેગામના બજારમાં ભર બપોરે ભરચક વિસ્તારમાં એક યુવક પર બીજા શખ્સે ધારીયાના ઘા ઝીક્યા હતા. યુવક જીવ બચાવવા માટે દોડી રહ્યો હતો ત્યારે પાછળ પડેલો શખ્સ ધારીયા વીંઝતો હતો. આ દશ્યો જોઈને દહેગામ બજારમાં દોડધામ મચી ગઈ હતી. આ હૂમલામાં ઘાયલ યુવકને ગંભીર ઈજા પહોંચી હોવાથી દહેગામ પ્રાથમિક સારવાર બાદ અમદાવાદ સિવિલ ખાતે લઈ જવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ દહેગામ ગોકુલધામ એપાર્ટમેન્ટ ખાતે રહેતા જગદીશ વાલજીભાઈ પટેલના પરિવારમાં માતા-પિતા, પત્ની અને બાળક છે. જગદીશ પટેલ દહેગામ વિસ્તારમાં હર્ષદનગર ટેકરા પાસે રહે છે અને રીક્ષા ચલાવીને ગુજરાન ચલાવે છે. દહેગામ મિલ નજીક રહેતો અલ્તાફ અયુબભાઈ અબદાલ પણ રિક્ષા ચલાવે છે. આ બંને રીક્ષાચાલકો દહેગામ-નરોડાના ફેરા મારે છે. આજે સવારે બંને જણા નરોડા ખાતે એકઠા થયા હતા. જ્યાં જગદીશની રીક્ષા પડી હતી અને કાચમાં સામાન્ય નાનુ કાણું પડ્યુ હતુ. તે સમયે અલ્તાફે ચાવી વડે કાણા પડેલા કાચમાં વધુ કાણું પાડવાની કોશીશ કરતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. તે સમયે અલ્તાફે દહેગામ આવ ત્યારે જોઈ લેવાની ધમકી આપી હતી અને દહેગામ રીક્ષા લઈને આવી ગયો હતો ત્યારે ૧૧ વાગ્યાના અરસામાં મુસાફરો ભરીને દહેગામ જગદીશ આવતા એસટી ડેપો બેઠેલા અલ્તાફે ઝઘડો કરી ધારીયા વડે હુમલો કર્યો હતો. આ હુમલાથી બચવા મોટ જગદીશે દોડ લગાવી હતી. ત્યારે તેની પાછળ ધારીયુ લઈને અલ્તાફ પણ દોડી રહ્યો હતો. અલ્તાફે ધારીયુ વીંઝતા જગદીશને ઈજાઓ પહોંચી હતી. જ્યારે ધારીયુ પગમાં વાગતા જગદીશ પડી જતા અલ્તાફે ધારીયાના ઘા કર્યા હતા. ભરચક વિસ્તારમાં આ પ્રકારના હુમલાને પગલે નાગરીકોમાં દોડધામ મચી ગઈ હતી. જગદીશને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે અમદાવાદ લઈ જવાયો હતો. જ્યારે બનાવની જાણ થતાં પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. ઉલ્લેખનીય છે કે આ ઘટનાને પગલે દહેગામમાં તંગદિલીભર્યુ વાતાવરણ ઉભુ થતા કોઈ જાતનું છમકલુ ના થાય તે માટે પોલીસ દ્વારા ખાસ તકેદારીના પગલા લેવાયા છે.




ગણેશોત્સવની ઉજવણી શહેરમાં ઉલ્લાસભેર થઈ રહી છે. મંદિરોમાં અને અન્ય ધાર્મિક સ્થળોએ ગણપતિ સ્થાપન કરી સવાર-સાંજ પૂજા અર્ચના કરવામાં આવી રહી છે. સેકટર-૨૧ વૈજનાથ મહાદેવ મંદિર ખાતે ફૂલો દ્વારા ગણેશજીની મનમોહક રંગોળી બનાવવામાં આવી હતી.

## સુપ્રસિદ્ધ રામ કથાકાર મોરારી બાપૂએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને શુભેચ્છાઓ પાઠવી

ગુજરાતના નવનિયુકત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પ્રસિદ્ધ સંત અને રામાયણ કથાકાર પૂજ્ય મોરારી બાપૂએ મુખ્યમંત્રી પદે વરણી-નિયુક્તિ અંગેની શુભેચ્છાઓ પાઠવી છે. પૂ. મોરારી બાપૂ પાઠવેલા શુભેચ્છા સંદેશમાં ભુપેન્દ્રભાઈ પટેલને મુખ્યમંત્રી તરીકે ગુજરાતની સેવા કરવાની મળેલી આ તક સફળ અને સુફળ રહે તે માટે પ્રાર્થના કરી છે.



ગુજરાતમાં રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. નવા મુખ્યમંત્રીની શપથવિધિમાં હાજરી આપવા તથા મંત્રીમંડળ અંગે નિર્ણય કરવા ગુજરાત પધારેલા ગૃહમંત્રી અમિતભાઈ શાહને ગાંધીનગર મહાનગર ભાજપે આવકાર્યા હતા. પ્રમુખ રૂચિર ભટ્ટ સહિત વિવિધ હોદ્દેદારો અને કાર્યકરોએ સતત ભારત માતા કી જય બોલાવી જુસ્સો વધાર્યો હતો.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર**
(ગુજરાત સરકારનું સાહસ)
**જાહેર નિવિદા નં: ૭ સને ૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, પ્રથમ માળા, જલભવન, નવા સરકીટ હાઉસ પાસે, હિંમતનગર (મો.૯૯૭૮૪૦૬૮૧૯)દ્વારા ઈડર / હિંમતનગર પેટાવિભાગ હસ્તકના (૧) ઉમેદગઢ(નવી વસાહત) તા. ઈડર મુકામે ૫.૦૦ મી.વ્યાસની અને ૩૦ મીટર ઉંડો કુવો, તથા પાઈપ લાઈન કરવાની કામગીરી. (આઈડી નં : ૪૮૧૧૮૭) (૨) કુબાધરોલ તા:વડાલી મુકામે નવીન કુવાથી હયાત સંપ સુધીની પીવીસી પાઈપ લાઈનની કામગીરી (આઈડી. નં.૪૮૧૧૮૮) (૩) લાલોડા તા : ઈડર ૬.૦૦ મી.વ્યાસ અને ૩૦.૦ મી.ઉંડો કુવો, પંપહાઉસ તથા પાઈપલાઈન કરવાની કામગીરી (આઈ.ડી.નં. ૪૮૧૧૮૫) (૪) સુરપુર તા : ઈડર મુકામે હયાત વુદાવન વાળા કુવાથી ગામના હયાત સંપના જંકશન સુધીની ૧૧૦ મી.મી.વ્યાસની રાઈઝીગ મેઈન પાઈપ લાઈનની કામગીરી (આઈ.ડી.નં. ૪૮૧૧૮૩) (૫) કમાલપુર તા : ઈડર મુકામે ૫.૦૦ મી.વ્યાસ અને ૩૦.૦ મી.ઉંડો કુવો કામગીરી (આઈ.ડી.નં. ૪૮૧૧૨૭) (૬) સાબરકાંઠા જીલ્લાનામાં પીવાના પાણીની તંગી નિવારવા તાલુકાના ગામોમાં ટેન્કર અથવા એચ.ડી.પી.ઈ ટાંકી ટ્રક કે ટ્રેકટર પર ગોઠવી પાણી પહોચાડવા માટેનુ યુનીટ રેટનુ : કામ વર્ષ-૨૦૨૧-૨૨ માટે (આઈ.ડી.નં. ૪૮૧૧૮૬) આ છ કામની કુલ અંદાજીત કિંમત રા. ૬૮.૮૦ લાખ થવા જાય છે. કોન્ટ્રાકટર માટેની પાત્રતા "ઈ૧" તથા "ઈ૨" વર્ગ અને ઉપરના વર્ગમાં નોંધણી ધરાવનાર પાસેથી માંગવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન રજુ કરવાની છેલ્લી તારીખ: ૨૩/૯/૨૦૨૧ના રોજ ૧૮.૦૦ કલાક સુધી અને જરૂરી ફીજીકલ સબમીશનના ડોક્યુમેન્ટ તા. ૨૪/૯/૨૦૨૧ના રોજ ૧૫.૦૦ કલાક સુધી આર.પી.એડી/ સ્પીડ પોસ્ટ/ કુરીયર અને હાથોહાથ રજુ કરવાના રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ સાઈટ www.gwssb.org, http://www.gwssb.nprocure.com ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો કચેરી સમય દરમ્યાન ઉપરોક્ત કચેરી પાસેથી મેળવી શકાશે. હવે પછીના સુધારા વેબ સાઈટ પર જોવા મળશે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નંબર-૧૯૧૬ પર સંપર્ક કરવો. નામાનિ/હિંમત/૩૧૦/૨૦૨૧